# Financial Express (Guj)

## JK Paper Q4 net profit surges 30% to Rs 73 cr

**Date: 16/05/2018 | Edition: Ahmedabad | Page: 14 | Source: PTI | Clip size (cm): W: 16 H: 9**

India Media Monitor

Clip: 1 of 1

બોર્ડે ઈક્વિટી શેરદીઠ રૂા.૨.૫નું ડિવિડન્ડ જાહેર કર્યું

# જેકે પેપરનો ચોખ્ખો નફો ૩૦.૬૮ ટકા વિસ્તરીને રૂપિયા ૭૩.૬૦ કરોડના સ્તરે

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા.૧૫

જેકે પેપરે તા.૩૧મી માર્ચે પૂરા થયેલા ચોથા ત્રિમાસિક ગાળા માટે વેચાણમાં સારી વૃદ્ધિ અને કામગરીમાં સારા માર્જિનને કારણે ૩૦.૬૮ ટકાના વધારા સાથે રૂપિયા ૭૩.૬૦ કરોડનો સ્વતંત્ર ચોખ્ખો નફો નોંધાવ્યો છે. આ કંપનીનો અગાઉના વર્ષના સમાન સમયગાળા દરમિયાન રૂપિયા ૫૬.૩૨નો ચોખ્ખો નફો થયો હતો, તેમ જેકે પેપરે બીએસઈને એક નિયમનકારી યાદીમાં જણાવ્યું હતું. સમીક્ષા હેઠળના . સમયગાળા દરમિયાન, કંપનીની કુલ આવક અગાઉના વર્ષના સમાન સમયગાળાના રૂપિયા ૭૪૩.૪૪ કરોડની સરખામણીએ રૂપિયા ૭૫૯.૧૨ કરોડ થઈ છે. જેકે પેપરે જણાવ્યું હતું કે તેની ૩૧મી માર્ચે પૂરા થયેલ ત્રિમાસિક ગાળા અને નાણાંકીય વર્ષ માટેની કમાણી ૧લી જૂલાઈ, ૨૦૧૭ના રોજથી લાગૂ પડેલા જીએસટીને કારણે જીએસટીમાંથી બાદ થતી હોવાથી તુલનાત્મક નથી. પરિણામો પર ટિપ્પણી કરતાં જેકે પેપરના વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર એચ પી સિંઘાનીયાએ જણાવ્યું હતું કે ઉત્પાદનોની ગુણવત્તા વધારતા, નાણાંકીય ખર્ચમાં ઘટાડો અને સારા કામગીરીના પરિમાણો સાથે સારા વેચાણને કારણે દેખાવમાં બધી રીતે સુધારો જોવા મળ્યો છે. આ કંપનીનો કુલ ખર્ચ અગાઉના વર્ષના સમાન સમયગાળાના રૂપિયા ૬૬૪.૫૨ કરોડની સરખામણીએ રૂપિયા ૬૪૭.૮૮ કરોડ થયો છે. સંપૂર્ણ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે, જેકે પેપરનો સંકલિત ચોખ્ખો નફો અગાઉના નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના રૂપિયા ૧૭૧.૮૨ કરોડની સરખામણીએ રૂપિયા ૨૬૦.૫૩ કરોડ થયો છે. આ વર્ષ માટે કંપનીની કુલ આવક અગાઉના નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના રૂપિયા ૨,૭૯૮.૮૩ કરોડની સરખામણીમાં રૂપિયા ૨,૯૦૦ કરોડ થઈ છે. કંપનીના બોર્ડે રૂપિયા ૧૦ના ઈક્વિટી શેરદીઠ રૂપિયા ૨.૫નું ડિવિડન્ડ આપવા ભલામણ કરી છે.